## ભજન ૨

તારા રંગમા રંગમા રંગાઈ ગયો  રે
સાચુ કહું રણછોડ, રંગ લાવી ગયો રે  {૨}

રંગે રંગાઈ ગયો, પ્રીતે બંધાઈ ગયો {૨}
જીવનની રાહમાં હું, આજ અટવાઈ ગયો
તારી પ્રિતે પાતળીયા, બંધાઈ ગયો રે ---- સાચુ કહું રણછોડ.

નામે બદનાદ ગયો, જો ને બે હાલ થયો {૨}
જો ને સંસારીઓના, લોકમા હેરાન થયો
તારા મુખડા જોઈને, શરમાઈ ગયો રે ---- સાચુ કહું રણછોડ.

રીતમાં જાણુ નહિ, પ્રીતમાં નિભાવી લે જે {૨}
તારા દાસીનો દાસ, મુજને બનાવી લે જે
નંદુ દર્શન કાજે, હું જુરી રહયો રે ---- સાચુ કહું રણછોડ.

તારા રંગમા રંગમા રંગાઈ ગયો  રે
સાચુ કહું રણછોડ, રંગ લાવી ગયો રે  {૩}